હરિયાણામાં સત્તાની ચાવી જેજેપી પાસે

દુષ્યંત ચૌટાલા હવે કિંગ મેકરની ભૂમિકામાં : દાઉની વિરાસતને આગળ વધારવા દુષ્યંત ચૌટાલા તૈયાર

ચંગીગઢ,તા. ૨૪

હરિયાણામાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ હવે સત્તાની ચાવી જનનાયક જનતા પાર્ટીના દુષ્યંત ચૌટાલાની પાસે રહેવાની શક્યતા છે. કારણ કે જે રીતે પ્રવાહ ઉપલબ્ધ થઈ રહ્યા છે તે જોતા રાજ્યમાં કોઈને બહુમતિ મળવાની સંભાવના દેખાઈ રહી નથી. દુષ્યંતે ચૂંટણી પરિણામ આવવાની શરૂઆત થયા બાદ પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુ કે હવે ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ બંનેમાંથી કોઈને બહુમતિ મળનાર નથી. આવી સ્થિતીમાં ત્રિશુંક વિધાનસભા રહેનાર છે. તેમણે કહ્યુ હતુ કે અમારી સીધી લડાઈ ૨૬-૨૭ સીટો પર રહેલી છે. શરૂઆતી પ્રવાહ ઉપલબ્ધ થયા બાદ પોતાની પ્રતિક્રિયામાં તેમણે કહ્યુ હતુ

કે અમને લોકોનો પ્રેમ મળી રહ્યો હોવાનુ લાગી રહ્યુ છે. તેમણે કહ્યુ હતુ કે ભાજપ માટે ૭૫ પાર કરવાની યોજના તો ફ્લોપ રહી છે પરંતુ હવે યમુના પાર કરવાની જરૂર છે. દુષ્યંત ચોટાલા જનનાયક જનતા પાર્ટીના પ્રમુખ તરીકે છે. તેઓ ૧૬મી લોકસભામાં હિસારમાંથી ચૂંટાઈ ચુક્યા છે. વર્ષ ૨૦૧૪માં લોકસભા ચૂંટણીમાં ચૌટાલાએ હરિયાણા જનહિત કોંગ્રેસના કુલદીપ પરલ જીત મેળવી હતી. ઈન્ડિયન નેશનલ લોકદળમાંથી કાઢી મુકવામાં આવ્યા બાદ નવમીડિસેમ્બર ૨૦૧૮ના દિવસે તેમની નવી પાર્ટી જનનાયક જનતા પાર્ટીની રચના કરી હતી. ત્યારબાદ પાર્ટીએ સારો દેખાવ કર્યો છે. કોંગ્રેસ પાર્ટીએ દુષ્યતનો સંપર્ક કર્યો હોવાના હેવાલ મળ્યા છે. કોંગ્રેસ અને જેજેપી સાથે મળીને સરકાર બનાવી શકે છે.સત્તાની ચાવી હવે જેજેપી પાસે રહેવાની શક્યતા દેખાઈ રહી છે. દુષ્યંત ચૌટાલાના નામ ઉપર રાજનીતિમાં અનેક રેકોર્ડ રહેલા છે. દુષ્યંત ચૌટાલા સૌથી યુવા સાંસદનો રેકોર્ડ ધરાવે છે. લીમ્કા બુકમાં તેમનું નામ નોંધાઈ ચુક્યું છે. પોતાના દાદાની પાર્ટી આઈએનએલડીમાંથી હકાલપટ્ટી કરાયા બાદ નવી પાર્ટી બનાવી હતી. ગુહાના રેલી બાદ ચૌટાલા પરિવારમાં દરારો પડી હતી. ૧૧ મહિનામાં જેજેપીએ જોરદાર કમાલ કરીને ઈતિહાસ સર્જ્યો છે. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં જ જેજેપીના નામથી નવી પાર્ટી બનાવી હતી. તેમના પરદાદા અને પૂર્વ નાયબ વડાપ્રધાન ચૌધરી દેવીલાલ તાઉના નામથી લોકપ્રિય હતા. તાઉની વિરાસતના નવા વારિસ તરીકે દુષ્યંત ચૌટાલા ઉભરી આવ્યા છે. ચૂંટણી પહેલા દુષ્યંતની પાર્ટીને વિરોધ પક્ષો હળવાશથી લઈ રહ્યા હતા.

વિજયોત્સવ - મહારાષ્ટ્રમાં ભાજપ - શિવસેના યુતિએ ફરી સપાટો બોલાવ્યો છે... શિવસેનાનો આક્રમક અને ભાજપનો વ્યુહાત્મક વિજય થયો છે... સવારથી જ પરિણામો જાહેર થતાંની સાથે જ સમર્થકોમાં ઉત્સવનો માહોલ સર્જાયો હતો. ઢોલના તાલે કાર્યકરો ઝુમી ઉઠ્યા હતા...

આદિત્ય ઠાકરેની વર્લી બેઠક પર શાનદાર જીત

મુંબઈ, તા. ૨૪

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે પરિણામને લઈને તમામની નજર મુંબઈની વર્લી વિધાનસભા સીટ પર કેન્દ્રિત થઈ ગઈ હતી. શિવસેનાના આદિત્ય ઠાકરેએ આ સીટ પર સુરેશ માનેને ૬૭૪૨૭ મતના અંતરથી હાર આપી દીધી છે. ઈતિહાસમાં પ્રથમ વખત ઠાકરે પરિવારમાંથી કોઈ વ્યક્તિએ ચૂંટણી લડી છે. આદિત્ય

ઠાકરેએ આ ઉલ્લેખનીય સફળતા મેળવી લીધી છે. વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી યોજાયા બાદ આજે મતગણતરી શરૂ થતાં આદિત્ય ઠાકરેએ શરૂઆતથી જ લીડ મેળવી લીધી હતી અને છેલ્લે સુધી લીડ જાળવી હતી. જીત બાદ આદિત્ય ઠાકરેએ કહ્યું હતું કે, તેઓ ખુબ ખુશ છે. લોકોનો આશીર્વાદ મળ્યો છે. મહારાષ્ટ્રની રાજનીતિમાં વર્ચસ્વ રાખનાર શિવસેનાના સ્થાપક બાલાસાહેબ ઠાકરેના પરિવારમાં કોઈપણ સભ્યએ હજુ સુધી ચૂંટણી લડી ન હતી. આ વખતે આ પરંપરા તોડીને આદિત્ય ચૂંટણી મેદાનમાં ઉતર્યો હતો. આદિત્યએ મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી બીએ અને કેસી લો કોલેજમાંથી એલએલબી કર્યું છે. આદિત્ય પાસે ૧૬.૦૫ કરોડની સંપત્તિ છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરેએ આદિત્યની સામે ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા ન હતા. રાજ ઠાકરેના ભત્રીજા તરીકે આદિત્ય છે.

મહારાષ્ટ્રમાં પવારે એકલા હાથે ૫૪ બેઠકો અપાવી

૨૦૧૪માં ૪૧ બેઠક મળ્યા બાદ ૨૦૧૯માં પાર્ટીને વધુ બેઠકો અપાવવામાં શક્તિશાળી મરાઠા નેતા સફળ પુરવાર

કોઈપણ પ્રકારની એક ચૂંટણીથી કોઈપણ પાર્ટીને ફગાવી શકાય નહીં. મરાઠા લીડર શરદ પવારની પાર્ટી એનસીપીએ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં જોરદાર દેખાવ કરીને આ બાબત સાબિત કરી બતાવી છે. ચૂંટણીથી પહેલા એમ માનવામાં આવી રહ્યું હતું કે, એનસીપી માટે કોઈ વધારે સારી સ્થિતિ નથી. સ્થિતિ એ હતી કે, કોંગ્રેસની લીડરશીપે મહારાષ્ટ્રના પ્રચારમાં વધારે ઉત્સાહ દર્શાવ્યો ન હતો. પોતાની પાર્ટીના નેતાઓ ઉપર કેન્દ્રીય સંસ્થાઓના દરોડા અને પરિવારની આંતરિક લડાઈના કારણે પણ પવાર પરેશાન દેખાઈ રહ્યા હતા. જો કે, આ તમામ પ્રકારની પરિસ્થિતિ વચ્ચે શરદ પવાર એકલા મેદાનમાં રહ્યા હતા. મરાઠા ટાઈગર તરીકે ગણાતા ૭૯ વર્ષીય શરદ પવારે એકલા હાથે ચૂંટણી પ્રચારમાં ભાગ લીધો હતો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ અને ફડનવીસ પર સીધા પ્રહારો કર્યા હતા. પવાર આગળ આવવાથી અન્ય કેટલાક પરિબળો પણ રહ્યા હતા. તેમના ગઢમાં જનતાએ તેમના પર ફરી એકવાર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. શરદ

પવારની વધી ગયેલી તાકાતનો અંદાજ આ બાબતથી જ લગાવી શકાય છે કે, તેમની પારિવારિક સીટ બારામતીથી તેમના ભત્રીજા અજીત પવાર ૧૪૦૦૦૦ કરતા વધારે મતથી આગળ રહ્યા હતા. બારામતી વિધાનસભા સીટથી તેમની સ્થિતિ સારી રહી હતી. કોંગ્રેસ પાર્ટીની સ્થિતિ ચૂંટણી પહેલા નબળી દેખાઈ રહી હતી. છેલ્લી ચૂંટણીમાં ૪૧ સીટો એનસીપીને મળી હતી. બીજી તરફ કોંગ્રેસ પાર્ટીની સ્થિતિ આ વખતે પણ અગાઉ જેવી જ રહી છે. છેલ્લી ચૂંટણીમાં કોંગ્રેસને ૪૨ સીટો મળી હતી. આનો મતલબ એ થયો કે, કોંગ્રેસની સ્થિતિ અગાઉના દેખાવ કરતા નબળી થઈ છે. ૨૦૧૪ની સરખામણીમાં કોંગ્રેસ પાર્ટીનો દેખાવ વધારે નબળો થઈ ગયો છે પરંતુ મરાઠા શરદ પવારે પોતાની પાર્ટીની સીટો વધારી નથી બલ્કે કોંગ્રેસની સરખામણીમાં સ્થિતિ પણ મજબૂત બનાવી છે.

ગુજરાત ઓપન બેન્ચ પ્રેસ માસ્ટર સ્પર્ધામાં કનકસિંહ પરમારને સિલ્વર મેડલ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં રમત ગમત વિભાગ હસ્તકની ભાષા નિયામકની કચેરીમાં અવેક્ષક તરીકે ફરજ બજાવતા કનકસિંહ પ્રતાપસિંહ પરમારે તાજેતરમાં અમદાવાદના મણીનગર ખાતે ફીટનેસ બટાલિયન હેલ્થ કલબમાં ગુજરાત રાજય પાવર લિફટીંગ એસોસિએશન આયોજિત ગુજરાત ઓપન 'બેન્ચ પ્રેસ માસ્ટર' સ્પર્ધામાં ૭૦ કિલોગ્રામ વજન જુથમાં દ્વિતિય સ્થાન મેળવી સિલ્વર મેડલ હાંસલ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે કનકસિંહ પરમાર રાષ્ટ્રીય કક્ષાના એથ્લેટ રહી ચુકયા

છે. અને તેમણે વર્ષ ૨૦૦૭માં આંગળીના ટેરવા પર ૪૨.૫ સેકન્ડમાં૧૨૫ પુશઅપ્સ કરીને 'લિમ્કા બુક ઓફ રેકર્ડસ'માં વૈશ્વિક કક્ષાએ સ્થાન મેળવી શહેરનું ગૌરવ વધાર્યું હતું. આ સાથે તેઓએ અગાઉ અખિલ ભારતીય મુલકી સેવા સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ કુશ્તી અને પાવરલિફટીંગની સ્પર્ધામાં મેડલ જીતવા સાથે છેલ્લા ૨૦ વર્ષથી રાષ્ટ્રીય કક્ષાની એથ્લેટિકસમાં ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ અને લાંબા કૂદકામાં ગુજરાત સચિવાલયની ટીમનું પ્રતિનિધિત્વ પણ કર્યું છે.

ઈમ્પોર્ટેડ ગાડીઓમાં થયેલા ટેકસ ચોરી કૌંભાડમાં હવે પોલીસ તપાસનો ધમધમાટ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર આરટીઓ કચેરીમાં ગત વર્ષે ઈમ્પોર્ટેડ ગાડીઓમાં થયેલા ટેકસ ચોરી કૌંભાડમાં હવે પોલીસ તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. ૨૦ મોંઘીદાટ ગાડીઓનો અંદાજીત રૂ.૫૦ લાખ જેટલો ટેકસ સરકારમાં ભરાયો જ નથી તેવું ધ્યાને ગાંધીનગર આરટીઓ કચેરીની અરજીને પગલે સેકટર-૭ પોલીસે તપાસ શરુ કરી છે.

ગાંધીનગર આરટીઓના અધિકારીએ સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં ટેકસચોરી કૌંભાડમાં ખરેખર જવાબદાર કોણ તેની તપાસ માટે અરજી કરી છે. જેને પગલે પીઆઈ તરલ ભટ્ટે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબવર્ષ ૨૦૧૮ ના વર્ષમાં ગાંધીનગરમાં આરટીઓમાંથી પાસ થયેલી મર્સિડીઝ, ઓડી, વોલ્વો, જેવી મોંઘીદાટ ૨૦ ગાડીઓમાં ટેકસચોરી કૌંભાડ આચરવામાં આવ્યું હતું. જેની જાણ છ માસ પહેલા જ ઓડિટ દ્વારા થઈ હતી અને અંદાજે રૂ.૫૦ લાખ જેટલો ટેકસ સરકારમાં ભરાયો જ નથી તેવું સામે આવ્યું હતું. જે મુદ્દે ગાંધીનગર આરટીઓ અને વાહનવ્યવહાર કમિશનરની કચેરી દ્વારા આંતરીક રીતે તપાસ કરાઈ હતી. જો કે કોઈ નક્કર પરિણામ ન આવતા આખરે આ અંગે સેકટર-૭ પોલીસ મથકમાં અરજી કરાઈ હતી. જેને પગલે પોલીસે હવે ડેટા કલેકશન અને સંબંધીત કર્મચારીઓની પુછપરછ માટે તજવીજ શરુ કરી છે. આધારભુત સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ટેકસ ચોરી કૌંભાડમાં દોષનો ટોપલો ડિલર્સ પર ઢોળાયો હતો. ત્યારે આ કેસમાં પોલીસ મર્સિડીસ, ઓડી, વોલ્વોના ડિલર્સની પણ પુછપરછ કરી તેમની પાસેથી જરુરી પાવતી સહિતના પુરાવા એકઠા કરશે. આ ટેકસ ચોરી કૌંભાડમાં જે પણ સંડાવાયેલ હશે તેની સામે દંડનીય કાર્યવાહી તંત્ર દ્વારા કરવામાં આવશે.

ગાંધીનગર શહેરની ટીચર્સ યુનિવર્સિટી ખાતે આજે રાજયના શિક્ષણમંત્રી એક કાર્યક્રમમાં ખાસ હાજરી આપવા માટે આવવાના હતા. ત્યારે આ કાર્યક્રમનો એનએસયુઆઈ દ્વારા સખ્ત વિરોધ કરવામાં આવનાર હતો.ત્યારે આજે બપોરના સુમારે શિક્ષણમંત્રી ટીચર્સ યુનિવર્સિટી ખાતે પહોંચે તે પહેલા ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ અમિત પારેખ સહિત ૧૫ જેટલા કાર્યકરોની પોલીસ તંત્ર દ્વારા અટકાયત કરી દેવામાં આવી હતી.

રાધનપુર-બાયડના પરિણામ દેશની રાજકારણ માટે સૂચક

જે લોકો સત્તા, પૈસા, લાલસા માટે પ્રજા અને પક્ષનો દ્રોહ કરે છે તેઓને જાહેરજીવનમાં સ્થાન ના હોઇ શકે : અમિત ચાવડા

અમદાવાદ, તા.૨૪

વ્યકિતગત સ્વાર્થ જાહેર રાજનીતિમાં સ્થાન ના હોય તેવો સ્પષ્ટ સંદેશો પ્રજાએ આપી દીધો છે. ભાજપની નીતિઓ અને નિર્ણયોથી પ્રજા નાખુશ છે અને આવનારા સમયમાં કોંગ્રેસની સાથે ગુજરાતની જનતા ચાલશે. કોંગ્રેસનો ત્રિરંગો ફરી એકવાર પ્રજાએ ફરકાવ્યો છે. ભાજપના શાસકો સત્તાના અભિમાન અને અહંકારમાં પ્રજાને હેરાન-પરેશાન કરતાં નિર્ણયો લઈ પ્રજાને ગુલામીમાં રાખવાના ભ્રમમાં રાચતા હતા પરંતુ ગુજરાતની શાણી જનતાએ તેમને જડબાદોડ જવાબ આપી દીધો છે. સત્તા અને પૈસાથી લોકોને ડરાવી-ધમકાવી દબાયેલા રાખવાનો જે અંહકાર અને ઘમંડ હતો, તે ગુજરાતની જનતાએ ભાજપને જોરદાર તમાચો મારી ઉતારી નાંખ્યો છે. ચાવડાએ રાધનપુર અને બાયડ બેઠક પરથી અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાની વધુમાં પ્રહાર કરતાં જણાવ્યું કે, ગુજરાતમાં દલબદલુઓને હવે સ્થાન નહી હોય. જેઓને અંહકાર હતો, કે તેઓ તેમની તાકાતના જોરે ચૂંટાયા છે પરંતુ વાસ્તવિકતા એ છે કે, કોંગ્રેસના કાર્યકરો અને સ્થાનિક મતદારોએ આવા તત્વોનો તે અહંકાર ઉતારી દીધો છે. ત્યાંની પ્રજાના કોંગ્રેસને આશીર્વાદથી જીત ૨૦૦૭માં થઈ હતી. જે લોકો સત્તા, પૈસા અને વ્યકિતગત લાલસા માટે પ્રજા અને પક્ષનો દ્રોહ કરે છે તેઓને જાહેરજીવનમાં સ્થાન ના હોઈ શકે તેવો પ્રજાએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે. બાયડ અને રાધનપુરના આ પરિણામો માત્ર ગુજરાત જ નહી પરંતુ દેશના રાજકારણમાં આ પરિણામો દિશાસૂચક બની રહેશે કે, કયારેય પૈસા અને સત્તા માટે રાજકારણમાં વ્યકિતગત સ્વાર્થ સિધ્ધ ના થઈ શકે. કોંગ્રેસ હંમેશા તમામ લોકોને સાથે લઈને ચાલ્યું છે. તમામ સમાજ પણ કોંગ્રેસની સાથે જ રહ્યા છે પરંતુ કેટલાક લોકોને એવો ભ્રમ હતો કે, અમે સમાજને લઈ ચાલીએ છીએ અને પરંતુ તેમનો ભ્રમ પ્રજાએ ભાંગી નાંખ્યો છે. પક્ષ અને પ્રજા સાથે વિશ્વાસઘાત કરી કોંગ્રેસને છોડી ભાજપમાં જોડાયા પરંતુ પ્રજાએ દૂધનું દૂધ ને પાણીનું પાણી કરી નાંખ્યું છે. ચાવડાએ ઉમેર્યું હતું કે, દિવાળી પછી કોંગ્રેસ પક્ષના નવા માળખાની જાહેરાત કરવામાં આવશે. ગુજરાતની આ હવેના સમયમાં અહંકારી શાસન નહી ચાલે, પ્રજાના સાચા અને સ્થાનિક મુદ્દાઓની વાત પ્રજાના કલ્યાણ અને હિતમાં કરવી પડશે. દરમ્યાન પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ પણ પરિણામોને વધાવતાં જણાવ્યું હતું કે, આજના પરિણામો પરથી હવે ભાજપના સૂપડા સાફ થઈ જવાની શરૂઆત થઈ ગઈ છે. પોતાના અંગત સ્વાર્થ અને રાજકીય લાલચ માટે પક્ષપલ્ટો કે પ્રજાનો દ્રોહ કરશે તો, ગુજરાતની જનતા તેને જવાબ આપશે તે અલ્પેશ ઠાકોર અને ધવલસિંહની હાર પરથી પ્રસ્થાપિત થઈ ગયુ છે.

અલ્પેશ-ધવલસિંહની સ્થિતિ ન ઘરના, ન ઘાટના જેવી થઈ

બંનેના ભાજપ પ્રવેશ ઉપર સ્થાનિક આગેવાનોથી માંડીને અનેક ધારાસભ્યોએ આંતરિક વિરોધ કર્યો હતો : રિપોર્ટ

રાધનપુર અને બાયડ બેઠક પરથી કારમી હાર ખાવાના કારણે હવે ગુજરાતમાં કોંગ્રેસનું ધારાસભ્યપદ છોડીને ભાજપમાં જોડાયેલા અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાની સ્થિતિ ન ઘરના ન ઘાટના જેવી થઈ ગઈ છે. કેમ કે કોંગ્રેસના ધારાસભ્ય પદ છોડી ભાજપમાં જોડાયા અને ભાજપમાંથી પેટા ચૂંટણી લડ્યા પરંતુ બંને ઉંધા માથે પછડાઈને હાર્યા છે. પક્ષપલ્ટો અને વધુ પડતી રાજકીય મહત્વકાંક્ષાએ આ બંને યુવા નેતાઓને રાજકીય જંગમાં હારના પાણીમાં બહુ સિફતતાપૂર્વક ડુબાડી દીધા છે. અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાની હાર એ ભાજપ માટે પણ ઘાતક સાબિત થઈ શકે છે. કોંગ્રેસમાંથી પેરાશૂટ બનીને આવેલા ભાજપમાં આવેલા અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાને ભાજપમાં સમાવવા સામે ભાજપના સ્થાનિક આગેવાનોથી માંડીને અનેક ધારાસભ્યોએ પક્ષમાં આંતરિક રીતે વિરોધ વ્યક્ત કર્યો હતો. તેમ છતાં પક્ષની નેતાગીરીએ આ તમામ વિરોધને અવગણીને અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાને ભાજપમાં પ્રવેશ તો આપી દીધો પરંતુ આ પેટા ચૂંટણીમાં રાધનપુર અને બાયડ બેઠક પરથી ટિકિટ પણ આપી દીધી, જેને લઈ ભાજપમાં આતંરિક ગજગ્રાહ ચરમસીમાએ પહોંચ્યો હતો. બીજી બાજુ ઠાકોર નેતા તરીકેની છાપ ધરાવનાર અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલા બંનેએ પોતાના ઠાકોર સમાજ સાથે પણ ગદ્દારી કરી હોવાનો એક સૂર ઉભો થયો હતો. તે સુર મતદાન દરમ્યાન જોવા મળ્યો અને તેનું પરિણામ આજે જોવા મળ્યું છે. અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાને પોતાના સમાજે જ ઘર ભેગા કરી દીધા છે. રાધનપુર વિધાનસભાની બેઠક ઘણા વર્ષોથી ભાજપ અને કોંગ્રેસ બંને રાજકીય પક્ષ માટે ઘણી મહત્વની રહી છે, ત્યારે આ રાધનપુર બેઠક પરથી કોંગ્રેસ છોડી ભાજપમાં આવેલા અલ્પેશ ઠાકોર પેટા ચૂંટણી લડ્યા હતા પરંતુ અલ્પેશ ઠાકોરે રાજકારણમાં પ્રવેશતા પહેલા દારૂબંધી અને પરપ્રાંતીયો અંગે કરેલા નિવેદનની અસરો આ ચૂંટણીના પરિણામમાં જોવા મળી છે.

ભગવો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આદિત્યએ આની સાથે જ રાજનીતિમાં એન્ટ્રી કરી લીધી છે. બીજી બાજુ હરિયાણામાં ભારતીય જનતા પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે પરંતુ બહુમતિના જાદુઈ આંકડા સુધી પહોંચવામાં સહેજમાં રહી જતાં તેના માટે પીછેહઠ સમાન પરિણામને ગણી શકાય છે. હરિયાણામાં કોંગ્રેસને ૩૧ સીટો મળી છે. હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે જોરદાર સ્પર્ધા પુરવાર થતાં સૌથી નિર્ણાયક ભૂમિકા જનનાયક જનતા પાર્ટીએ અદા કરી છે. તેની હવે સત્તામાં નિર્ણાયક ભૂમિકા રહી શકે છે. અલબત્ત ભારતીય જનતા પાર્ટીએ હરિયાણામાં પણ સરકાર બનાવી લેવા માટેની આશા રાખી છે. ભાજપ પ્રમુખ અમિત શાહ અને કોંગ્રેસના વચગાળાના પ્રમુખ સોનિયા ગાંધી પણ સક્રિય થઈ ગયા છે. બંને પાર્ટીઓએ જનનાયક જનતા પાર્ટી સાથે વાતચીત શરૂ કરી છે. સરકારનો દાવો પણ મુખ્યમંત્રી ખટ્ટર દ્વારા કરવામાં આવ્યો છે પરંતુ પરિણામો ચોક્કસપણે ભાજપને નિરાશામાં મુકે તેવા રહ્યા છે. અગાઉ આજે સવારે મતગણતરીની શરૂઆત થઈ હતી. એક્ઝિટ પોલના તારણ મુજબ મહારાષ્ટ્રમાં તો ભાજપ અને શિવ સેનાએ જોરદાર સપાટો બોલાવીને સત્તા જાળવી રાખવામાં સફળતા મેળવી હતી. બીજી બાજુ હરિયાણામાં એક્ઝિટ પોલના તારણો પરિણામ મુજબ રહ્યા ન હતા. મતગણતરી શરૂ થયા બાદ તરત જ મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવ સેનાએ જોરદાર લીડ મેળવી લીધી હતી. અને છેલ્લે સુધી લીડ જાળવી રાખી હતી. જ્યારે હરિયાણમાં ભારે ફેરફાર જોવા મળ્યા હતા. કેટલીક વખત ભાજપે લીડ મેળવી હતી. જ્યારે કોંગ્રેસ પણ વધારે દુર દેખાઈ રહી નથી. મહારાષ્ટ્રમાં ભાજપને બહુમતિ માટેના ૧૪૫ સીટોના આંકડા મુજબ ૧૦૩ સીટો મળી છે જ્યારે શિવસેનાને ૫૭ સીટો મળી છે. કોંગ્રેસને ૪૬ અને એનસીપીને ૫૩ સીટો મળી છે. અન્યોના ખાતામાં ૨૯ સીટો પહોંચી છે. ભાજપ અને શિવસેનાએ ૧૬૦ સીટોનો આંકડો મેળવ્યો છે જે એક્ઝિટ પોલના તારણ કરતા ખુબ ઓછો આંકડો દેખાઈ રહ્યો છે. હરિયાણામાં ત્રિશંકુ સ્થિતિ સર્જાઈ ગઈ છે જેથી ભાજપ અને કોંગ્રેસ બંનેએ સરકાર બનાવવા માટેના પ્રયાસો શરૂ કરી દીધા છે. આવી જ રીતે હરિયાણમાં બહુમતિ માટે ૪૬ સીટોની જરૂર છે જે પૈકી ભાજપે પરિણામ જાહેર થયા બાદ ૪૦, કોંગ્રેસે ૩૧, જનનાયક પાર્ટીએ ૧૦ અને અન્યોએ આઠ સીટો મેળવી હતી. આની સાથે જ હરિયાણામાં દુવિધાભરી સ્થિતિ સર્જાઈ ગઈ છે. સત્તાની ચાવી જનનાયક પાર્ટી પાસે પહોંચી છે.

કબજો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે.આવા સંજોગોમાં હજુ પણ જુના અને જર્જિરત મકાનો તોડવા માટે કામગીરી ચાલી રહી છે. જયારે જરૂરી હોય તેવા કિસ્સામાં આવાસોનુ રીનોવેશન પણ હાથ ધરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી અંદાજિત ૪૫૦ જેટલા મકાનોમાં નિવૃતિ, બદલી અને અવસાનના કીસ્સામાં પણ મકાનો ખાલી ન કરાતા આ મકાનોમાં કર્મચારીઓનો બિનઅધિકૃત વસવાટ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે આ મકાનો ખાલી કરાવવા તંત્ર દ્વારા અગાઉ નોટીસ પણ આપવામાં આવી છે. એક દાયકા પુર્વે બિન અધિકૃત કબજામાંથી મુકત કરાવવા તંત્ર દ્વારા અભિયાન હાથ ધરાયુ હતુ. પરંતુ હાલની સ્થિતિએ પણ શહેરના અંદાજિત ૪૫૦ જેટલા મકાનોમાં કર્મચારીઓનો બિન અધિકૃત વસવાટ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે કોર્ટના આદેશના અંતે પણ કેટલાક મકાનો હજુ સુધી બિન અધિકૃત કબજામાંથી મુકત થયા ન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

દબાણ હટાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે ગૃહ વિભાગને રજુઆત કરાઈ હતી અને ગૃહ વિભાગે ૧૯૮૨ના પરિપત્રને ટાંકી આ દિશામાં આગળ વધવા જણાવ્યુ છે.

રાજયના પંચાયત વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે વિકાસ કમિશનરે પણ આ અંગે જરૂરી માર્ગદર્શન આપતો પરિપત્ર કરી આગળ વધવાના સંકેતો આપ્યા છે.

પંચાયત વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે દિપાવલી પર્વો પછી ગ્રામ્ય સ્તરે હવે દબાણો દૂર કરવાની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે સેમી અર્બન બનેલ ગ્રામ્ય વિસ્તારોમાં આ ઝુંબેશ સઘન રીતે હાથ ધરવાની પણ ખાસ સૂચનાઓ તાજેતરમાં ડીડીઓ કોન્ફરન્સમાં અપાઈ હતી.

ગ્રામીણ વિસ્તારોના દબાણને મુદ્દે મુખ્યમંત્રીની કક્ષાએ પણ ખુબ મોટી સંખ્યામાં રજુઆતો મળી હોવાથી સરકારે આ રજુઆતોના ઉકેલ માટે ૧૯૮૨ના પરિપત્રને ટાંકી આ માર્ગદર્શન જારી કરવામાં આવ્યુ છે.

હળવે હૈયે

● ચોથા પાનાનું ચાલુ

'ને ભાજપા ગાશે : સોચા થા કયા, કયા સે કયા હો ગયા...'

'અંકલ, વેપારીઓ કયુ ગીત ગાશે ?'

'નોટબંધી - જીએસટીને હવે મંદીનો માર ખાઈ અધમુઆ થઈ ગયેલા વેપારીઓ ગાશે : 'એક વો ભી દિવાલી થી... એક યહ ભી દિવાલી હૈ...'' બિગડા હુઆ મંદા ધંધા હૈ... રોતા હુઆ વેપારી હૈ... ને પનુભાઈ, મોંઘવારીથી પીડિત પ્રજા - અતિવૃષ્ટિથી નુકશાનગ્રસ્ત કિસાનો કહેશે : 'કૈસે મનાયે દિવાલી હમ લાલા, અપના તો બારે મહિના દિવાલા...'

'સાવ સાચી વાત અંકલ...'

'ને છતાંય ભાઈ દિવાળી બાર મહિનાનો મોટો તહેવાર માની ઉજવશે. તમાચો મારીને ગાલ લાલ રાખવાનો, રાઈટ?'

'હં... હા... રાઈટ.'